# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૮૫ • તા.૨૫ નવેમ્બર થી ૧ ડિસેમ્બર ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






KDO દિવ્યાંગ

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા સમગ્ર દેશના જ્ઞાતિ દિવ્યાંગજનોને દિવાળી નિમિત્તે શુભેચ્છા સાથે ભેટ અપાઈ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# શિક્ષણ સાથે સારા સંસ્કાર મળે એ જરૂરી છે

શિક્ષણ માણસને શિક્ષિત કરે છે, પણ શું સંસ્કારી બનાવે છે? માત્ર અક્ષરજ્ઞાન મેળવીને માણસ પંડિત નથી ગણાતો કે શિક્ષણ પ્રાપ્ત કરનાર સારો માણસ નથી બની જતો. જો આ વાસ્તવિકતા હોત તો ભણેલો ગણેલો વ્યક્તિ ગુનેગાર ન હોય પણ થાય છે ઊલટું. શિક્ષણ પ્રાપ્ત કરેલો વ્યક્તિ વધુને વધુ ઊઠાં ભણાવવામાં ઉસ્તાદ થઈ જાય છે અને પોતાનું નામ ક્રિમિનલ પ્રોફાઈલમાં દર્જ કરાવી દે છે. દરેકને કંઈ રીતે છેતરી શકાય એના જ ખ્યાલમાં એ સતત રહ્યા કરે છે. માણસને માટે શિક્ષણ મેળવું જરૂરી છે. એનાથી જ તો એની પ્રગતિ થાય છે. સાથો સાથ જો પોતાના સંસ્કારને એ ન સાચવી શકે તો અધોગતિ ભણી પણ એ જ ધકેલાય છે.

શિક્ષણ આપણી સામે જ્ઞાનની અનેક બારીઓ ઉઘાડી દે છે. પણ આપણી હોંશિયારની કસોટી ત્યારે થાય છે કે આપણો મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ. અભણ, અજ્ઞાની, અપરાધી કરતાં શિક્ષિત, સમજુ અને સભ્ય કહેવાતો વ્યક્તિ જ ક્રિમિનલ તરીકે વધુ ખતરનાક હોય છે. અભ્યાસ મેળવનાર નામવંત બની શકે છે ને નામચીન પણ થઈ શકે છે. બાહોશ થઈ શકે છે તે બદમાશ પણ થઈ શકે છે. શિક્ષિત બનનાર ચીલો ચાતરીને શાતિર પણ બની શકે છે. આ બધો આધાર શિક્ષિત થનાર સરવાળે પોતાના જ્ઞાનનો ઉપયોગ, શિક્ષણ અભ્યાસનો પ્રયોગ ક્યા વિચાર પ્રવાહ તરફ વાળે છે તેની ઉપર મુખ્યત્વે રહેલો છે.

અગાઉ શિક્ષકને માસ્તર તરીકે ઓળખતા. જે મા ના સ્તર ઉપર રહીને જ્ઞાન, શિક્ષણ અને સંસ્કારનું રોપણ કરતા હતા. પ્રત્યેક વિદ્યાર્થી પ્રત્યે લક્ષ આપી તેની સમજ પાંગરે એ માટે જહેમત લેતા હતા. એ શિક્ષકો ખરી રીતે મિત્ર, માર્ગદર્શક અને રહેમિયત રાખનારા હતા. જે ભાવના આજે શૂન્ય થઈ ગઈ છે. ગયા જમાનાની વાત ઊલટી વળી ગઈ છે. આખી પધ્ધતિ, કેળવણીની તરેહ જ પરિવર્તન પામી છે. એમાં શિક્ષકોનો જ શું ગુનો? આખી સિસ્ટમ ઘરમૂળથી બદલાઈ ગઈ છે. યંત્રવત શિક્ષણ પધ્ધતિ થઈ ગઈ છે અને શિક્ષકો તો માત્ર પોતાની ડ્યૂટી બજાવતા મૂક્ત થઈ ગયા છે અને સંસ્કાર રોપણનો આખો બોજ મા-બાપ, પરિવારજનો અને સમાજ પર આવી ગયો છે. જેને લીધે બાળકો બહારથી જ્ઞાન મેળવે છે અને પોતાના સંસ્કારને પાંગરે છે.

સંસ્કારી બનવા માટે સારું શિક્ષણ, સારી સંગત અને સારો સાથ મળવો જરૂરી છે. મશીનના બળે સંચાલિત પૈડું પૂરપાટ વેગે દોડે છે પણ તે કઈ દિશા પકડે, ક્યા વળાંકે વળે એ માટે તેની ઉપર કન્ટ્રોલ કરનાર સ્ટિયરિંગ હોવું જરૂરી છે. તેની ઉપર કન્ટ્રોલ કરનાર હોંશિયાર, બાહોશ ચાલક હોવું જરૂરી છે. તો જ વ્હીલના વેગને સાચી, સારી ગતિ મળે, પ્રગતિ મળે. શિક્ષણ સારું મળે તે સાથે સુસભ્ય સંસ્કાર મળે, માનવતા લક્ષી આદર્શ સિધ્ધાંત અને સંવેદના ભર્યા વિચાર આચાર જો મળે તો ભવિષ્ય ઉજ્જ્વળ અને ઉન્નત બને એ નક્કી છે.

– જય જ્ઞાતિમૈયા

# આપણું વલણ અસ્તિત્વ નક્કી કરે છે

## સેક્રેટરીના બે બોલ..




નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


સમાજમાં એવા કેટલાય માણસો હોય છે જેમને કશું સારું દેખાતું નથી. દરેક ઠેકાણે કંઈકને કંઈક ખામી શોધવી, દોષ આપવો એજ એમનું મુખ્ય કામ હોય છે. તેમને હમેંશા બીજાઓની સામે ફરિયાદ હોય છે. બીજાની ભૂલો કાઢતા રહે છે. દરેકની સાથે તેમને વાંકુ પડી જાય છે. તેમનું વલણ નકારાત્મક અને નિરાશાવાદી હોય છે. કારણ વગર ગુસ્સે થવું, વિરોધ કરવો, વાંધો કાઢવો અને કામ બગાડ્યું તેવો દોષનો ટોપલો અન્યની ઉપર ઢોળવો એ તેમનો મુખ્ય કામ જાણે હોય છે. આવા ટીકા ટિપ્પણી કરતાં લોકો અન્યની પ્રગતિ કે સફળતા સહન કરી શકતા નથી. હું કહું એ જ સાચું તેવું તેમનું વલણ હોય છે. આવી પ્રકૃત્તિના માણસોને મોટે ભાગે કોઈ વતાવતું નથી, દરેકે દરેક આઘા રહે છે. ગરજ હોય ત્યારે જ તેમની સાથે જોડાય છે, નહીં તો નવ ગજના નમસ્કાર કરી લાંબા રહે છે. અળવિતરા વ્યક્તિઓની અડફેટમાં આવવાથી સૌ બચે છે. આમ તેઓ ફૂગરાયેલી અવસ્થામાં એકલા જ રહે છે. સમૂહમાં ભળી શકતાં નથી. દરેક વાતમાં તેમનો ચોકો અલગ જ હોય છે. આ પ્રકારના શખ્સોનું વલણ જ નકારાત્મક હોય છે. જે તેમને સુધરવા દેતું નથી.

કોઈ વાત કે વિચાર વસ્તુનો વિરોધ અને પ્રતિકાર કરવો જરૂરી હોય છે. પણ મનોમન આપણી શરતો નક્કી કરી તે અન્યોની ઉપર થોપીએ છીએ. મારું એ જ સાચું અને સામેવાળાનું ખોટું. આ ખોટી અને નકામી વાતોની જડ ઝાલીને આપણે અન્યો સામે લડતા હોઈએ છીએ કે ટકરાતા હોઈએ છીએ. આમ અહંકાર અને જીદને કારણે દરેક સાથે સંબંધ બગાડતા હોઈએ છીએ. આ જગત આપણી મરજી મુજબ ચાલવાનું નથી. સમયના પ્રવાહને અસ્તિત્વના વહેણને આપી ઈચ્છા મુજબવાળી શકાય નહીં. તેના વહેણને વાળવાનો પણ કોઈ અર્થ નથી. તેની સાથે વહેતા રહેવાની જ મજા છે. જીવનમાં જે કંઈ બને છે તેનો સ્વીકાર કરી લઈએ તો મોટા ભાગની વિટંબણાઓ દૂર થઈ જાય છે. પરિસ્થિતિ અને સંજોગો સહર્ષ સ્વીકારી લેવાના હોય છે. જેટલા તેની સામે લડતા રહીશું, સંઘર્ષ કરીશું તેટલા નકારાત્મક બની જઈશું અને આપણી પ્રતિભા ધૂંધળી અને ઝાંખી કરતાં ાજઈશું. બધા સાથે લડીને એક નકારાત્મક છાપ ઊભી કરીએ છીએ. દરેક લોકો આપણા વિરોધમાં હોતા નથી. પણ આપણે તેમની સાથે નથી એટલે આપણને એમ લાગે છે. સહયોગ આપવાની ભાવના, સમયની ધારા સાથે કદમ મેળવવાની ઈચ્છા આપણી તાકત બની જાય છે.

જે વસ્તુની સાથે આપણે વિધાયક બની જઈશું તે આપણી શક્તિનો સ્ત્રોત બની જાય છે. દુઃખ, યાતના અને સંકટની ઘડી સહન કરી લઈશું તો એ આપણી તાકત બની જશે. પરિસ્થિતિ સમય અને સંજોગોની સાથે અસ્તિત્વનો સ્વીકાર એ જીવન છે. નકારાત્મક ભૂમિકા વ્યક્તિને અંદરથી ખોતરી કાઢે છે. જેનાથી માણસ આપ મેળે તૂટતો જાય છે જેની તેને જાણ થતી નથી. પણ વિધાયક વલણ નવું જીવન, નવી ચેતના અને નવી શક્તિ આપે છે. આપણે માત્ર જીવન પ્રત્યે વિધાયક રહેવું જરૂરી છે. અણગમાનો સ્વીકાર કરવો પડે છે. સુખની સાથે દુઃખ, સારાની સાથે નરસું શુભની સાથે અશુભ ટકરાતું રહે છે. જીવનના અસ્તિત્વના વાવાઝોડામાં ઝૂકીને નમી જાય છે તે બચી જાય છે. પણ જે અક્કડ બની ઊભા રહે છે તે ઊથલી પડે છે, તૂટી પડે છે. બચી જાય છે તે જીવી જાય છે. આ સનાતન સત્ય જાણવું જરૂરી છે.

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા સમગ્ર દેશના જ્ઞાતિ દિવ્યાંગજનોને દિવાળી નિમિત્તે શુભેચ્છા સાથે ભેટ અપાઈ





દિવાળીના શુભ અવસરે, શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિએ એક સુંદર વિચાર પાર પાડ્યો. દેશના વિવિધ પ્રાંતોમાં રહેતા ૪૫ દિવ્યાંગજનોના ઘરોમાં તેઓએ દિવાળી નિમિત્તે સૂકા મેવાની કિટ નું વિતરણ કર્યું. આ પ્રકલ્પનો સમગ્ર ખર્ચો, સ્વ. શ્રી કાંતિલાલ કરમશી વિકમશી ના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રીમતી કાશ્મીરાબેન કાંતિભાઈ વિકમશીએ સ્પોનસર કર્યો હતો. તેમણે રૂા.૫૦૦૦૦/–નું માતબર દાન આ નિમિત્તે આપી દીધું

જ્યારે શ્રીમતી કાશ્મીરાબેન વિકમશીએ સમિતિના સેક્રેટરી શ્રીમતી શિલ્પા અજાણીને દિવાળી નિમિત્તે કોઈ સત્કાર્ય કરવાની ઇચ્છા પ્રગટ કરી ત્યારે શિલ્પાબેને તેમને આ પ્રકલ્પ સુચવ્યો હતો. દાતાને આ વિચાર તરત જ ગમી ગયો હતો અને તેના કાર્યાન્વયનની સઘળી જવાબદારી તેમણે દિવ્યાંગ સમિતિ ને સહર્ષ સોંપી હતી.



આ ઉમદા ચેષ્ટા માટે દાતાને ખુબ ખુબ અનુમોદના.

ડોમ્બીવલી થી કાંદીવલી અને દહીસર, વડોદરા, સાંગલી, જામનગર, અમદાવાદ, હૈદરાબાદ, કોચિ, નલિયા,અંકલેશ્વર અને ગાંધીધામના અનેક વિસ્તારોમાં રહેતા દિવ્યાંગનોને ઉત્કૃષ્ટ ક્વોલિટીના સૂકા મેવાના પેકેટ પહોંચાડવામાં આવ્યા. આ વિસ્તારોમાં રહેતા આપણા જ્ઞાતિજનોએ સ્વેચ્છાએ આગળ આવી દિવ્યાંગનોને આ ભેટ પહોંચાડવાનું કાર્ય કર્યું, જે માટે દિવ્યાંગ સમિતિ તેમની ખૂબ–ખૂબ આભારી છે.

પ્રિયંક નાગડાએ ગાંધીધામ અને આસપાસના વિસ્તારોમાં વિતરણની જવાબદારી લીધી, જ્યાં શ્રી મહેશ નાગડાએ નલિયામાં દિવ્યાંગોને ઓળખવામાં અને કીટનું વિતરણ કરવામાં મદદ કરી. સાંગલીના શ્રી જુગલ મોતાએ કેટલાક દિવ્યાંગોના સંપર્કો પણ પૂરા પાડ્યા. આ બધા વોલિન્ટીયરોની મદદ વિના આ પ્રકલ્પ પૂરું પાડવું મુશ્કેલ હતું.

સમિતિના ઉપાધ્યક્ષ શ્રીમતી નીના સાયલાએ ડોમ્બિવલી અને તેની આસપાસના મુલુંડ વિસ્તારોમાં દિવ્યાંગોના સંપર્કો મેળવવામાં મદદ કરી

દિવ્યાંગ સમિતિના સેક્રેટરી શિલ્પા અજાણીએ મોટા ભાગના દિવ્યાંગોનો વ્યક્તિગત રીતે સંપર્ક કર્યો હતો. તેણીએ તેમની કચ્છ મુલાકાત દરમિયાન કીટ પણ અર્પણ કરી હતી.

સમિતિના અધ્યક્ષ શ્રીમતી કાશ્મીરા લુથિયાના માર્ગદર્શન હેઠળ આ પ્રોજેક્ટ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યો હતો

જીનલ ચેતન ધુલ્લાનો તેના મંગેતર કેવિલ સોમૈયાની દુકાન 'નટ કિંગ' પરથી ખૂબ જ વાજબી દરે સારી ગુણવત્તાવાળા ડ્રાયફ્રૂટ્સ આપવા બદલ ખૂબ ખૂબ આભાર.

જ્યારે આવી ભેટ મળે ત્યારે મન તો ખુશ થઈ જ જાય ને? આ ખુશી કેટલાક દિવ્યાંગજનોના માતા પિતાના ચહેરા ઉપર સાફ વર્તાતી હતી.

# કિરણકુમાર નારાણજી મોમાયા પરિવાર દ્વારા મુલુંડમાં મગજ સ્વાસ્થ્ય માટે ફ્રી સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો



શ્રી કિરણકુમાર નારાણજી મોમાયા (સુથરી-ભાંડુપ) પરીવાર દ્વારા તા.૨૫ નવેમ્બરના સારસ્વત વાડી, મુલુંડમાં પુનાની ટ્રાન્સકેન્ડ ડીસ્કવરીસ્‌ના સહયોગથી ૫૦ વરસથી વધુ વયના કેડીઓ માટે મગજના સ્વાસ્થ્ય માટે ફ્રી સામુદાયિક સ્ક્રીનીંગનું આયોજન કરેલ.

શરૂઆતમાં શ્રી વાસુપૂજ્ય જિનાલય, મુલુંડમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પૂ. ઉદય રત્ન સાગરજી મ.સા. તથા પ.પૂ. ગુણ વલ્લભ સાગરજી મ.સા.ના આશીર્વચન બાદ ડો. વિશ્વનાથન દ્વારા વિષય અનુરૂપ મનનીય અને ઉપયોગી સંવાદ, ડો. શ્વેતા સાથે ડાયરેક્ટ દુબઈથી સ્ક્રીન પર વાર્તાલાપ થયેલ. ગૌ માતા ગૌમુત્ર, છાણ તથા દુધમાંથી અકસીર દવાઓ પર પી.એચ.ડી. કરનાર સાધ્વી શ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.એ અસાધ્ય રોગ પણ એમની ગૌમાતા પર આધારિત દવાઓથી દૂર થાય છે તેની માહિતી આપેલ. મુલુંડના ડો.હિરેન ભેદા એ એલોપથી શિવાય ઓલ્ટરનેટ મેડિસન ઉપર વાર્તાલાપ કરેલ.

લગભગ ૯૦૦ વ્યક્તિઓ પધારી હતી.





# કિરણકુમાર નારાણજી મોમાયા પરિવાર દ્વારા મુલુંડમાં મગજ સ્વાસ્થ્ય માટે ફ્રી સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો




બધાના ગુગલ ફોર્મમાં રજિસ્ટ્રેશન તથા કાર્યકરો દ્વારા રૂબરૂ વાતચીત બાદ લગભગ ૫૦ થી ૫૫ લોકોની મગજની સ્ક્રીનીંગ કરી સલાહ આપવામાં આવેલ. જેમને મગજ સંબંધિત કેટલીક સમસ્યાઓ હતી.

કેડીઓ સમુદાયનો ડિજિટલ બ્રેઈન હેલ્થ ચેકઅપનો આ પ્રથમ પ્રયાસ હતો. સામૂહિક જાગૃતિ કાર્યક્રમ માટે પાછળથી પણ આયોજકો પ્રયાસ કરશે, જે આપણા જ્ઞાતિ સમાજના જ્ઞાતિજનોને પોતાની સંભાળ રાખવામાં અને તેમના સ્વાસ્થ્યને સુધારવામાં મદદ કરશે.

હજુ પણ મગજ સંબંધિત કોઈપણ પ્રશ્ન માટે શ્રી કિરણકુમાર મોમાયાનો સંપર્ક કરી શકે છે- ૭૯૭૭૧૦૦૩૬૨.





# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| | | | | |
|---|---|---|---|---|
| HOME LOAN *7.99% (p.a.) | 2 WHEELER LOAN *7.99% (p.a.) | CAR LOAN *7.99% (p.a.) | PRE OWNED CAR LOAN *9.49% (p.a.) | eAUTO LOAN *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN *9.49% (p.a.) | PRE OWNED CV LOAN *9.99% (p.a.) | EDUCATION LOAN *8.49% (p.a.) | TRADE LOAN *8.49% (p.a.) | LOAN AGAINST PROPERTY *9.49% (p.a.) |
| MORTGAGE LOAN *7.99% (p.a.) | COMMERCIAL (CRE) LOAN *8.49% (p.a.) | LOAN AGAINST INSURANCE POLICY *7.75% (p.a.) | GOLD LOAN *7.99% (p.a.) | MACHINES LOAN *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



www.arihantbank.com @ ArihantBank

## વડોદરા સંઘમાં અચલગચ્છાધિપતિ મ.સા.ની નિશ્રામાં શ્રુતોપાસના ચાતુર્માસોત્સવ

શ્રી વડોદરા સંઘમાં પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રુતોપાસના ચાતુર્માસોત્સવ થયો સંપૂર્ણ ચાતુર્માસના લાભાર્થી માતુશ્રી મણિબેન વલ્લભજી નરશી નાગડા વીઢ-વડોદરા. પરમાત્મા શ્રી મહાવીર દેવ નિર્વાણ કલ્યાણ દીપાવલિકા પ્રવચન પ.પૂ.મુનિરાજ શ્રી હેમચંદ્રસાગરજી મ.સા.ની પાવન પ્રેરણાએ નૂતન વિક્રમ સંવતના કારતક સુદ ૧ની વહેલી પરોઢે ૪ કલાકે પરમાત્મા શ્રી મહાવીર દેવ નિર્વાણ કલ્યાણકના ૭૨ દીપ પ્રાગટ્ય સહ જાપ દેવવંદન વિશાળ હાજરીમાં થયેલ.

ચર્તુર્વિધ સંઘ સાથે જિનાલય દ્વારા ઉદ્‌ઘાટન કરાયું અને સામૂહિક દેવ વંદન કરાવવામાં આવેલ. ગણધર શ્રી ગૌતમ સ્વામિ કેવલજ્ઞાન કલ્યાણકની ઉજવણી પુષ્પવૃષ્ટિ દ્વારા કરાઈ.

મહામાંગલિક ગૌતમ સ્વામી રાસ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ સંભળાવેલ.

સંપૂર્ણ ચાતુર્માસ લાભાર્થી માતુશ્રી મણિબેન વલ્લભ નરશી નાગડા વીઢ-વડોદરાનું સંઘો મહાજનો મિત્ર વર્તુળ આદિએ બહુમાન કરેલ. સકળ સંઘની વિશાળ હાજરી અનુમોદનીય રહી હતી.

## તીરૂપુર નગરે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન સંપન્ન થયું



દક્ષિણ ભારત વિભાગના તીરૂપુર નગરે સતીશ એચ.નાગડા દ્વારા તા.૨૦ નવેમ્બર સોમવારના પ્રાચી એક્ષ્પોર્ટ પ્રિમાઈસીસમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તિરૂપુર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, એચ.ડી.એફ.સી.બેંક, મ્યુરાચી મક્કલ અમીઈપુ, રાઉન્ડ ટેબલ, લેડીઝ સર્કલના સહયોગથી કરાયું. કુલ ૩૧ યુનિટ બ્લડ જમા થયું. આયોજક સતીશ હંસરાજ નાગડાએ પણ રક્તદાન કરી સમાજ પ્રત્યેની ફરજ નિષ્ઠા બજાવી હતી.

## નલિયા નગરે જ્ઞાન પાંચમ નિમિત્તે ધર્મ આરાધનાઓ થઈ





કચ્છ અબડાસા પંથકના મુખ્ય મથક નલિયા નગર સંઘમાં જ્ઞાન પાંચમ નિમિત્તે ચાતુર્માસે બિરાજમાન પ.પૂ.સાધ્વી ભગવંત શ્રી અમિત યશાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વી ભગવંત શ્રી દેવ પૂર્ણશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ધર્મ આરાધના કરવામાં આવેલ હતી.

શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ શ્રી ગોડિયા પાર્શ્વનાથાય નમઃ શ્રી શાંતિનાથાય નમઃ

શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવી-વીર-મહોદયસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ

શ્રી જીત-હીર-બુદ્ધિ-તિલક-શાન્તિચન્દ્ર-કનકપ્રભ-સોમચન્દ્ર-જિનચન્દ્ર-સંયમરત્નસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ

**"મનના મંદિરે આસનો બિછાવો, મારગ મારગે મોતીડા વેરાવો,**
**રોમે રોમે રાજીપો કેવો રે સમાયો, ઉત્સવ અનેરો આજે આંગણિયે આયો"**

## સદીઓના ઈતિહાસમાં સૌપ્રથમવાર
## વતન કચ્છ-રાપર ગઢવાળીની ધર્મધરા પર
## બેનમૂન કોતરણીયુક્ત જાજરમાનશ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલયની
## પાવન પ્રતિષ્ઠાના ઐતિહાસિક અવસરે પધારવા

# આમંત્રણ

...દિવ્યકૃપા...

શાસનસમ્રાટ, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

...દિવ્યાશિષ...

તપચક્રચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા**

...ભવનિસ્તારક નિશ્રા...

સાહિત્ય દિવાકર, રાજસ્થાન દીપક,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

કચ્છ-વાગડદેશોદ્ધારક શ્રી જીતવિજયજી મહારાજાના
વંશદીપક, દીક્ષાધર્મના મહાનાયક પ.પૂ.આ.ભ.
**શ્રીમદ્ વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજા**

આદિ વિશાળ શ્રમણ-શ્રમણી વૃંદ

...મહોત્સવ પળ... વિ.સં.૨૦૮૦, મહા સુદ ૧૩ થી મહા વદ ૧, **તા. ૨૨-૦૨-૨૦૨૪ થી ૨૫-૦૨-૨૦૨૪**

...મહોત્સવ સ્થળ... **રાપર ગઢવાળી**, મુ.પો.અબડાસા, કચ્છ



...નિમંત્રક...

શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ
શ્રી રાપર ગઢવાળી - નાની સિંધોડી જૈન સંઘ
શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ વતી

...લાભાર્થી પરિવાર...

**માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી**
**મોતા પરિવાર**

**શ્રી કલ્પેશભાઈ મોતા: 98212 30802 • શ્રી વિરચંદ લોડાયા: 95946 00900 • શ્રી નરેન્દ્ર મોતા: 98206 90904**

|| શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ || || શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ || || શ્રી શાંતિનાથાય નમઃ ||

# શ્રી રાપર ગઢવારી - નાની સિંધોડી જૈન સંઘ
# શ્રી ગોડીયાજી પાર્શ્વનાથ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ

**સ્થાનિક કાર્યાલય :** મુ.પો. રાપર ગઢવારી, તા. અબડાસા, જિ. કચ્છ-૩૭૦ ૬૪૫. ફોન : ગૌતમ લોડાયા - **81610 98601**
**મહોત્સવ કાર્યાલય :** C/o. કલ્પેશ મોતા, ૨૦, કાપડીયા ચેમ્બર, ૫૧ દેવજી કેશવજી માર્ગ, મસ્જિદબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
મો.: **98212 30802** • ઈમેલ : **rapargadhawarijainmahajan@gmail.com**

## સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો

શ્રી રાપર ગઢવારી નગરે શ્રી ગોડીયાજી પાર્શ્વનાથ નૂતન જિનાલયના મહોત્સવ પ્રસંગે શાનદાર ઉજવણી **તા. ૨૩-૦૨-૨૦૨૪** થી **તા. ૨૫-૦૨-૨૦૨૪** દરમિયાન સ્થાનિકે પધારવા સર્વે ભાગ્યશાળી પરિવારજનોને સહર્ષ આમંત્રણ પાઠવીએ છીએ અને તે માટે નીચે આપેલ ફોર્મ ભરવું જરૂરી જ છે.

જય જિનેન્દ્ર,

અમો **જ્ઞાતિજનો તા. ૨૩-૦૨-૨૦૨૪ થી તા. ૨૫-૦૨-૨૦૨૪** દરમ્યાન રાપર ગઢવારી મુકામે પૂનઃપ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવા ઈચ્છીએ છીએ. કૃપા કરીને અમારી નીચે મુજબની સહમતી સ્વીકારશોજી.

| ક્ર. | નામ | ઉંમર | મોબાઈલ | કચ્છમાં મુળ ગામ | રહેવાની વ્યવસ્થા કરવાની છે ? |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |

**નોંધ :**

- આ ફોર્મ સ્વચ્છ અક્ષરે તથા સંપૂર્ણ વિગત સાથે ભરી **શુક્રવાર, તા. ૧૫-૧૨-૨૦૨૩** સુધી ભરીને **rapargadhawarijainmahajan@gmail.com** અને કલ્પેશ મોતા - **98212 30802** ને વોટ્સઅપ કરશો જેથી યાત્રીકોની વ્યવસ્થા સચવાઈ શકે.
- આવનાર દરેક યાત્રીકે પોતાની રેલ્વેની ટીકીટની વ્યવસ્થા જાતે કરવાની રહેશે. સમિતિ તરફથી મહોત્સવની પૂર્ણાહુતી બાદ ટીકીટના પૈસા યાત્રીકોને રીફંડ કરવામાં આવશે.
- જે વ્યક્તીને રહેવાની વ્યવસ્થા કરવાની હોય તે વ્યક્તી ક્યારે અને કેટલા જણા આવશે તે ફોર્મમાં લખી જણાવશો જેથી વ્યવસ્થા સચવાઈ શકે.
- પ્રસંગ દરમ્યાન કાંઈ ફેરફાર હશે તો બધા યાત્રીકોને માન્ય રહેશે. અંતીમ નિર્ણય મહોત્સવ સમિતિનો રહેશે.

ફોર્મ ભરનાર મુખ્ય વ્યક્તિનું નામ અને સહી

**વોટ્સએપ નં.**

**શ્રી કલ્પેશ મોતા - 98212 30802, શ્રી વિરચંદ લોડાયા - 95946 00900, શ્રી નરેન્દ્ર મોતા - 98206 90904**

# અંકલેશ્વર સંઘમાં શ્રી નમિઉણ મહાપૂજનનું આયોજન ધર્મભાવ સાથે કરાયું





ગુજરાત રાજ્યના અંકલેશ્વર સંઘમાં તા.૨૦ નવેમ્બર સોમવારના રોજ પ.પૂ.સાધ્વીશ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની નિશ્રામાં વિધિકાર ચિરાગ ખુશાલ સંગોઈના સથવારે ધર્મ ભાવ સાથે શ્રી નમિ ઉણ મહાપૂજનનું આયોજન કરાયેલ. લાભાર્થી પરિવાર માતુશ્રી લીલબાઈ માણેકજી દંડ પરિવાર તેરા અંકલેશ્વર હતા.




# બડગરા (કેરળ) સંઘમાં કાર્તિક પૂર્ણિમાની આરાધના



દક્ષિણ ભારતના કેરળ રાજ્યના બડગરા સંઘમાં કાર્તિક પૂર્ણિમાની ધર્મ આરાધનાઓ ભવ્ય રીતે થઈ



# સુથરી તીર્થમાં સમ્યગ જ્ઞાન પ્રાપ્તિ માટે હિતજ્ઞાન શિબિરનું આયોજન થયું



અબડાસા પ્રાંતના સોનથરી ગામ તરીકે ઓળખ ધરાવતા સુથરી તીર્થ નગર સંઘમાં પ.પૂ.સાધ્વી શ્રીહિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા સહ સ્થાવર પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં સમ્યગ જ્ઞાન પ્રાપ્તિ માટે હિત જ્ઞાન શિબિર તા.૧૧ નવેમ્બરથી તા.૧૯ નવેમ્બર દરમ્યાન આયોજિત કરાયેલ. અંતિમ દિવસે શિબિરાર્થીઓના વિદાય સમારંભ સાથે જ્ઞાન શિબિર પરિપૂર્ણ કરવામાં આવેલ. યોગ, વ્યાખ્યાન, ધાર્મિક પ્રશ્નોત્તરી સાથે જ્ઞાન સમજની રમત ગમત, રસોડા જયણા, સંધ્યાભક્તિ ઈત્યાદિ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિબિરાર્થીઓએ જ્ઞાન ઉપાર્જન કરેલ.





શ્રી મહાવીરાય નમઃ શ્રી અંબા માતાય નમઃ શ્રી ભલારાદાદાય નમઃ



# સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાની ૨૮મી સમુહ પહેડી



**સહર્ષ જણાવવાનું કે સમસ્ત છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાજીની સમુહ પહેડીનું આયોજન સંવત ૨૦૮૦ કારતક વદ ૧૨ ને રવિવાર તા.૧૦-૧૨-૨૦૨૩ના શુભ દિને કરવામાં આવેલ છે. આ પ્રસંગે સર્વે છેડા ગોત્રના ભાવિકો તથા છેડા ગોત્રના નિયાણી બહેનોને સહપરિવાર પધારવાનું નિમંત્રણ છે.**

## -ઃ કાર્યક્રમની આછી રૂપરેખા ઃ-

**માતાજીની છબીની સ્થાપના ઃ સવારના ૯.૧૫ કલાકે**

**ભક્તિ સંગીત ઃ સવારના ૯.૧૫ કલાકે ● પહેડી પ્રસાદ ઃ બપોરના ૧.૧૫ કલાકથી**

**ઉત્થાપન ઃ બપોરના ૨.૩૦ કલાકથી**

## -ઃ શુભ સ્થળ ઃ-

**સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ – ૪૦૦ ૦૮૦.**

### વિશેષ નોંધ

- ચડાવાની બોલી સવારના ૧૦.૩૦ થી શરૂ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.
- સર્વે ભાવિકોને સમયસર હાજર થઈ વિધિ વિધાન, ભક્તિ સંગીતનો લાભ લેવા ખાસ વિનંતી.
- નિયાણી બહેનોને સહપરિવાર પધારવા નિમંત્રણ છે. આપના કુટુંબની નિયાણીઓને આ પહેડીનો સંદેશ આપી જરૂરથી લઈ આવવાની જવાબદારી ભાવિકોની રહેશે. સહકુટુંબની વ્યાખ્યામાં નિયાણીઓના પરિણિત સંતાનોનો સમાવેશ થશે નહી.
- છેડા ગોત્રના સંતાનો તેમજ નિયાણીઓના સંતાનો જેમણે શાળામાં ૧ થી ૯ સુધી ૮૫%, SSC થી SY સુધી ૮૦%, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ પાસ થયેલ દરેક વિદ્યાર્થીઓનું બહુમાન પહેડી દરમ્યાન કરવામાં આવશે. દરેક વિદ્યાર્થીઓને તેમની માર્કશીટની ઝેરોક્સ કોપી તા.૨૫-૧૧-૨૦૨૩ સુધી નીચેના સરનામે ઓર્ડીનરી પોસ્ટથી પહોંચાડવા વિનંતી.
  સ્ટીચ એલ, જે.એન.રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ – ૪૦૦ ૦૮૦.
- ભાવિકો સમયસર પધારતા નથી જેથી પહેડી કાર્યક્રમમાં વિલંબ થાય છે. તેથી સર્વ ભાવિકોને સમયસર પધારવા આગ્રહભેર વિનંતી.
- જાહેરાત ખર્ચ, પ્રસાદી ખર્ચ તથા સરસ્વતી બહુમાન ખર્ચ, નિયાણી બહુમાન ખર્ચ માટે સ્પોન્સરશીપ આવકાર્ય છે. જે પણ ભાવિકોને ઈચ્છા હોય તો કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

છેડા ગોત્રના શ્રી અંબામાતાજી સમુહ પહેડી સમિતિ વતી જય અંબે વાંચશોજી

વધુ વિગત માટે સંપર્ક સાધો

| | | | | | |
|---|---|---|---|---|---|
| દામજી ચાંપશી છેડા | મુલુંડ | ૯૩૨૩૮૬૫૦૩૨ | હીરાચંદ ધનજી છેડા | ડોંબિવલી | ૯૩૨૧૩૭૮૯૯૯ |
| પિનાકિન જેઠાભાઈ છેડા | મુલુંડ | ૯૮૧૯૭૦૮૦૮૬ | ઉમેશ સુરેશચંદ્ર છેડા | મુલુંડ | ૯૯૨૦૩૪૧૯૨૭ |
| કુમાર પ્રેમચંદ છેડા | મુલુંડ | ૯૮૧૯૯૧૯૭૮૩ | ભરત શામજી છેડા | કાંજુરમાર્ગ | ૯૩૨૦૨૧૮૪૦૫ |
| કિશોર શામજી છેડા | ઘાટકોપર | ૯૭૫૭૦૫૩૬૬૭ | નરેશ પ્રેમચંદ છેડા | માટુંગા | ૯૯૬૭૬૫૪૬૫૯ |
| કમલેશ ઝવેરચંદ છેડા | મુલુંડ | ૯૮૨૦૬૩૮૪૫૭ | જયેશ નવિનચંદ્ર છેડા | મુલુંડ | ૯૮૬૭૩૬૮૯૭૦ |

# કોઠારા સંઘમાં ૧૦૮ ખમાસણ અને ભાવયાત્રા કરાઈ



કોઠારા તીર્થે પ.પૂ.પ્રવર્તક મુનિરાજ શ્રી મલય સાગરજી મ.સા તથા પ.પૂ.મુનિરાજ શ્રી રત્નાકર સાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં શત્રુંજય મહાતીર્થની ભાવયાત્રા કરાવવામાં આવેલ.







| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## કેડીઓ વેલ્ફેર એસોસિયેશન
## સામાજિક સુરક્ષા યોજના

**સભ્યપદ પ્રગતિ અહેવાલ શરૂઆત**
**૧-૪-૧૯૯૦ થી ૨૫-૧૧-૨૦૨૩ સુધી**
**સંચિત (cumulative)**

| | |
|---|---|
| સક્રિય | ૭૭૨૮ |
| નિવૃત્ત | ૪૧૨૬ |
| મૃત્યુ | ૪૩૩ |
| **કુલ** | **૧૨૨૮૭** |

હવે નવી મેમ્બરશીપ માટે **ઓનલાઈન** સુવિધા ઉપલબ્ધ છે.

**ઓન લાઈન પેમેન્ટ :** ફોર્મના બીજા પાનામાં આપેલી બેંક એકાઉન્ટની વિગતો મુજબ અમારી બેંકમાં ઓનલાઈન પેમેન્ટ કરો. પ્રતિ ફોર્મ દીઠ રૂ. ૨,૦૦૦/-

**ઓનલાઈન ફોર્મ :** સંભવિત સભ્ય માટે નિયત ફોર્મ ભરવાનું રહેશે તથા એક ફોટો ચોંટાડવો પડશે. આ ફોર્મ તથા પાન કાર્ડ અથવા સંપૂર્ણ જન્મતારીખ સાથેના આધાર કાર્ડની નકલ સ્કેન કરીને અમને ઈમેલ અથવા WhatsApp પર મોકલવી. હાર્ડ કોપીની જરૂર નથી.

ઈમેલ : **welfarekdogmail.com**
વોટ્સએપ : **8976017830**
**(દીપક ગંગાજર શાહ ડાઘા, મુલુંડ)**

**મેમ્બરશીપ સર્ટિફિકેટ**

અમે તમારા વોટ્સએપ અથવા ઈમેલ પર મેમ્બરશીપ સર્ટિફિકેટ (સીલ સાથે સહી કરેલ) મોકલી આપીશું.

**વર્તમાન મેમ્બરના નામ-નોમિનીમાં ફેરફાર કરી નવી સર્ટિફિકેટ**

લગ્ન કે અન્ય કારણવસાત નામમાં ફેરફાર કરવાનું હોય, વર્તમાન નોમિનીના નામમાં ફેરફાર કરવું હોય અથવા મેમ્બરશીપ સર્ટિફિકેટ હાથવગી નહોય/ગુમાઇ ગઇ હોય તો રીવાઈઝડ્/નવી સર્ટિફિકેટ માટે નવા મેમ્બર માટેનું ભરેલું ફોટો ચોટાડેલો ફોર્મ તથા સંપૂર્ણ જન્મ તારીખ સાથે આધાર અથવા પેન કાર્ડ સ્કેન કરી મોકલી આપવું તથા પ્રતિ સર્ટિફિકેટ દીઠ રૂ.૫૦/- ઓનલાઇન ભરવા. ફોર્મમાં પેમેન્ટની વિગતો જણાવવી.

નવી સુધારેલી મેમ્બરશીપ સર્ટિફિકેટ ઓનલાઇન મોકલી આપવામાં આવશે.

**ફોર્મ માટે**

**અહીં ક્લીક કરો**

## નાંદેડ સંઘને રજતના શ્રી શાંતિનાથ ભગવાન અને શ્રી સિધ્ધચક્ર સ્નાત્ર માટે ભેટ અપાઈ





શ્રી નાંદેડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન નિશ્રામાં અ.સૌ.સંજય ભંડારી પરિવાર તરફથી રજતના શ્રી શાંતિનાથ ભગવાન તથા શ્રી સિધ્ધચક્ર સ્નાત્ર માટે ભેટ અપાઈ તથા દાતા પરિવાર તરફથી શ્રી સ્નાત્ર પૂજા ધર્મ ભાવ સાથે ભણાવામાં આવેલ.



# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO SANJIVANI

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# ભાવભીની શ્રદ્ધાંજલિ




રતિલાલભાઈ છેડા
તા.૧૯ નવેમ્બર (ઉ.૭૨)
નલિયા–ગદગ




શરદભાઈ લાલકા
તા.૨૦ નવેમ્બર (ઉ.૬૫)
બાંઢિયા–રાજકોટ



લતાબેન ધરમશી
તા.૨૧ નવેમ્બર (ઉ.૬૬)
સાંયરા–કોચીન



હિરેનભાઈ મૈશેરી
તા.૨૨ નવેમ્બર (ઉ.૬૪)
મોટી સિંધોડી–થાણે



ગીરીરાજભાઈ લોડાયા
તા.૨૧ નવેમ્બર (ઉ.૪૭)
કોઠારા–ડોંબિવલી



પ્રકાશભાઈ ખોના
તા.૨૩ નવેમ્બર (ઉ.૫૪)
સુથરી–ઘાટકોપર (પૂ)

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Address: B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજથી ૪૫ કિમી દૂર નખત્રાણા તાલુકાના વટાછડ ગામ નજીક કુદરતી ધોધ કડિયા ધ્રો અપ્રતિમ સૌંદર્ય ધરાવે છે. તસવીરકારો માટે તેમજ પ્રકૃતિ પ્રેમી પ્રવાસીઓ માટે આ જગા સ્વર્ગની અનુભતિ કરાવે છે. આસપાસની હરિયાળી, ધોધનું સંગીત, સ્વચ્છ પાણીને લીધે તે પર્યટન સ્થળ બની ચૂકી છે. આ પ્રાકૃતિક સ્થળે જો મેડિટેશન કરાય તો મનને અત્યંત શાંતિ મળે છે. વરસાદની સિઝનમાં તો આ કડિયાધ્રોનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠે છે. આસપાસના ખેતરોમાંથી વરસાદી પાણી કોતરોમાં પડે છે જે દક્ષિણ ભારતની યાદ અપાવે છે.

● માંડવી ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ પ્રેરિત માંડવી કોમ્પ્રેહેન્સિવ કાઉન્સિલનો પ્રતિનિધિ મંડળે ભુજમાં સાંસદ વિનોદભાઈ ચાવડાની મુલાકાત લઈ માંડવીને રેલવેની સુવિધા ઝડપથી આપવા રજૂઆત કરી હતી. સાંસદએ દિલ્હીમાં ઉચ્ચ સતાવાળાઓ પાસે તેમની રજૂઆત કરવાની ખાતરી આપી હતી. માંડવીને રેલવે મળે એ ઘણી જૂની માંગ છે. વરસે ૧૭ લાખ ટન બેન્ટોનાઈટની નિકાસ રોડ, રેલવે અને દરિયાઈ માર્ગે થાય છે તેથી ઘણું મોંઘું પડે છે જો માંડવીને રેલવે મળે તો આ ઘણું સસ્તું પડે.

● કચ્છમાં હવે બળદ આધારિત ખેતી લુપ્ત થતી જાય છે. તે છતાં હાલે ભુજના તાલુકાના મમુઆરા ગામના રણછોડભાઈ ગોવિંદજીભાઈ ચાવડાના કાંકરેજ નસલના બળદની જોડનું રૂા.૧.૫૧ લાખની ઊંચી કિંમતે વેંચાણ થયું હતું. તેમણે જણાવ્યું હતું કે બળદથી ખેતીનો મહત્વ એ છે કે ખેતીમાં બળદ દ્વારા થતી વિખેડથી જમીન પોચી અને મુલાયમ રહે છે અને નાના છોડને નુકસાન થતું નથી.

● રાજ્ય સરકાર તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ ભુજને અમદાવાદ ચાંદ ખેડા ખાતેના ૫૦૦ લોકોની કેપેસિટી વાળું મોર્ડન શેલ્ટર હોમ ઘર વિહોણા લોકોનો આશ્રય સ્થાનનું સંચાલન સોંપાયું છે. આ શેલ્ટર હોમ ખાતે ઘર વિહોણા લોકોને બે ટાઈમ ભોજન તેમજ જીવન જરૂરિયાતની તમામ સુવિધા સંસ્થાના માધ્યમથી પૂરી પડાશે. ખાસ કરીને આ સેન્ટરમાં એવા તમામ લોકો જેઓ નોકરી, ધંધો, વ્યવસાય, છૂટક મજૂરી કે અભ્યાસ માટે અમદાવાદ આવ્યા છે કે આવવું છે પણ અત્રે રહેઠાણ નથી એવા તમામ લોકો વિવિધ હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સગાં સંબંધીઓને નિ:શુલ્ક આશ્રય તેમજ આશ્રિતોને જીવન જરૂરિયાતની તમામ સુવિધાઓ સંસ્થા દ્વારા અપાશે. અહીં રહેવા, જમવાની મફત સુવિધા, પીવા માટે ઠંડા પાણીની વ્યવસ્થા, શુધ્ધ પાણી માટે આર.ઓ.ની સુવિધા, નાહવા માટે ગરમ પાણી, લિફ્ટ અને ફાયર સેફ્ટીની  સુવિધા, ફેમિલી માટે ફેમિલી રૂમ, મહિલાઓ માટે અલગ રૂમની વ્યવસ્થા, મનોરંજન માટે ટીવી, બાળકો માટે રમકડાં, સુરક્ષા માટે સી.સી.ટી.વી.કેમેરાથી સજ્જ શેલ્ટર હોમ યુક્ત છે.

● જખૌ ગામના ફરતા પશુ દવાખાનાની એમ્બ્યુલન્સ છેલ્લા ચાર મહિનાથી બંધ હાલતમાં જોવા મળી રહી છે. જખૌ આજુબાજુના દસેક જેટલાં ગામડાને આ એમ્બ્યુલન્સ દ્વારા સેવા પૂરી પાડતી વેટેનરી એમ્બ્યુલન્સ બંધ હાલતમાં શોભાના ગાંઠીયાની જેમ ઊભી રાખી દેવામાં આવી હોવાથી ચોમાસાની સિઝન બાદ પશુઓમાં રોગનું પ્રમાણ દેખાઈ રહ્યું છે ત્યારે લોકો એવું ઈચ્છી રહ્યાં છે કે તાત્કાલિક ધોરણે ડોક્ટરની નિમણુંક એમ્બ્યુલન્સ માટે થવી જોઈએ. અબડાસાની આરોગ્ય સેવા પછીએ પશુ સારવાર હોય કે માનવ સારવાર ખોડંગાયેલી રહે છે.



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA